માતાજીની મ્હેર છે!
માનો... તો લ્હેર છે!

પરસેવાને પૂછે કોણ?
પર્ફ્યુમ છાંટ્યું શહેર છે!

નીચું જોઈને ઇજ્જત ઢાંકી!
સામે સંત નહીં, સમશેર છે!

છે બંને કોરે પાણી મીઠાં, તો...
શાને સરહદ ઉપર ઝેર છે?

છેલ્લા શ્વાસે, સૈનિક પૂછે,
'મારી મા... કાલે કોને ઘેર છે?

## માણસ

ખાદીમાં રેશમનો તાર હો!
માણસ... જાણે, અવતાર હો!

દંભ, દગો ને દંગાની આ લંકામાં,
એના પર રામ, સવાર હો!

પડખે ઊભો રે’ તાણીને છાતી...
એ ગાંડીવ તણો, ટંકાર હો!

ખુદ્દારી પર ચીંધે, કોઈ આંગળી...
‘ગાલિબ’ સમો હુંકાર હો!

ભક્તિથી ઊંચી, માને ભલમનસાઈ!
છો ને ઈશ્વરને અંગત, ખાર હો!

‘अहम् ब्रह्मास्मि।’ ‘अहम् ब्रह्मास्मि।’
અંદર... રણઝણતો રણકાર હો!

માલિક... મારો જબ્બર છે!
પેન્સિલ છે, ને રબ્બર છે!

એક જ ઘરમાં સૌ બેઘર!
હર કોઈનાં, કોઈ ચક્કર છે!

હાલકડોલક છે સંસાર!
કિન્ના છે, તો સધ્ધર છે!

દુઃખમાં પરિચય થઈ જાશે!
શું પોલું, શું નક્કર છે!

મુરત, વાસ્તુ, કથાથી ઊંચા,
મમ્મીનાં દહીં-શક્કર છે!

ઉપર ચડવું અઘરું છે મા!
બહુ ઊંચા, તારા ગબ્બર છે!

શીખવ્યું કોણે, અંચઈ કરવાનું?
જીતીને માધવ, ઊઠી જાવાનું?

‘એટિકેટ’ નવી નીકળી નગરમાં,
ઠોકીને લાફો, ‘સૉરી’ કે’વાનું!

દીકરી પરણાવો તો ઝીણું જોજો...!
બાંધ્યું મીંઢળ એ, સાંકળ થાવાનું?

છેલ્લે આવ્યા, એ બેસણામાં!
થઈ ગયું મન, પાછું ફરવાનું!

સંસ્કાર કહે, ‘કાયમ ઝુકાવાનું?
માથું, કે’શો ક્યારે ઉઠાવાનું?

એ રૂપ તણું રજવાડું છે!
કામણનું કુળ, મેવાડું છે!

ઠસ્સાની સાઇઝ છે પંજાબી!
સ્માઇલનું કદ મારવાડું છે!

રાતે સપનાં સૌનાં સિલ્કી સિલ્કી...
સૂરજ ઊગે, રથ ગાડું છે!

નામ જ ઈંયોનું છે સરનામું!
ગૂગલ મૅપ અહીં ટાઢું છે!

છો ઘઉં પડ્યા છે ઘંટીએ...
મુઠ્ઠીમાં સૌની લાડુ છે!

ઘૈડિયા કે'છે 'ઘર મંડાય નહીં!'
બુર્જ ખલિફાથી ઊંચું ભાડું છે.

કોઈને કાંઈ કહેવાતું નથી!
ને માંહ્યો માંય... સહેવાતું નથી!

દીધું જેણે, એને એવું...
દુઃખ પાછું દેવાતું નથી!

દીકરીને કાયમ, સીવી હૈયે
અચકન એ ધોવાતું નથી!

કાફિયા, રદીફ ઠેકી કાઢ્યા!
ગઝલ લગી પૂંગાતું નથી!

ફાટે ત્યાંથી સાંધી લઈએ,
જીવન નવું, સિવાતું નથી!

લાંબા જેના પડછાયા છે,
માણસ માંહેથી ખોવાયા છે!

ઈશ્વર જોડે સત્સંગ નહીં,
એ ડીલ કરતાં ઝડપાયા છે!

કાળી મજદૂરી, દે થકવાડી પણ...
આ સોફાના થાક સવાયા છે!

POK લેવાનું જોર કરે જબરું...
એ ઘરમાં રોજ, ઘવાયા છે!

મતલબથી મતલબ આ પેઢીને,
જૂનીથી સંબંધો સચવાયા છે!

આંટીઓ ઘરની ઉકેલી ના...
એ બુદ્ધ – મહાવીર કહેવાયા છે!

દુઃખનું કાંઈ કહેવાય નહીં!
મોજ્યું... મૂકી દેવાય નહીં!

લિનન પે’રી ટાઇટ ફરે!
અંદર કંતાન... વરતાય નહીં!

મોટા થવામાં છે મોકાણ!
પોક્યું મૂકી, રોવાય નહીં!

યાદોને કાયમ, ભીનું ફાવે!
વરસો વીત્યે, કો’વાય નહીં!

મોટો માણસ છે! જાવા દ્યો!
નક્કુર કંઈ, પરોવાય નહીં!

ઘરડી આંખો, ભાળે ચોખ્ખું!
ઘરમાં ચોખ્ખું કે’વાય નહીં.

છે નિયમ અમારો પાક્કો પ્રભુ!
તું ધોવે, તેને ધોવાય નહીં!

નોખી નોખી ભાત છે!
માણસ મરકટ જાત છે!

શું કરવાની એ ખુશ્બૂ...
પવન તણી જો ઘાત છે!

ગાળો દઈને કે'છે પાછો,
'આ તો ખાલી વાત છે!'

પૈસા પાંચ, વત્તા-ઓછા!
ગજવે, લાખોની નિરાંત છે!

સપનાં કેવાં સંપી ગ્યાં?
સૌની એક જ ઘેર બરાત છે!

એકાદો ઈશ્વર ઝાલી લ્યો!
ઈંયોની મોટી નાત છે!

ઝાલી હાથોમાં, શકુનિના પાસા,
ઊભી ચોપાટે, ચાલે એ ત્રાંસા!

ખુલ્લી છાતી, ના ફાવી ખંજરને!
કોચી કાઢ્યા, એણે ઢાંકેલા વાંસા!

ચાંદ પકડવા, ખેતર દોડી જાતા...
મોટાએ ઝાલ્યા, ઇસરો ને નાસા!

બારી ખોલી, દે હાથોહાથ પવન...
છાના મોકલતા એ ખુશબૂના જાસા!

સાગરકાંઠે, જાણે રેતીનો મ્હેલ...!
મજબૂત હતા, એવા, તારા ખુલાસા!

કોઈ વાદ નથી, વિખવાદ નથી!
ભેગા છીએ, પણ સ્વાદ નથી!

તારી 'ના', જાણે ખંજરનો ઘા!
મડદાને કોઈ, હવે ઘાત નથી!

ફાનસ અજવાળે, રૂપ જે દેખાણું,
ચાંદા-સૂરજનો ક્લાસ નથી!

મનદુઃખથી જ, ઘર તૂટી જાશે!
આંધીઓની કોઈ, ઔકાત નથી!

શૅરબજાર અહીં છે ચાલુ!
શબને સ્મશાને, નિરાંત નથી!

ખેતર ફાડ્યું ને છાતી બી ફાડી!
છોડી ઉઘલાવી નાની વાત નથી.

પ્રણયનું એણે, વાળી દીધું પિલ્લું...
રાત મળી જેને પરભાત નથી!

'દોબારા! દોબારા!' શું મંડ્યા છો?
ગઝલમાં એવી તે કોઈ વાત નથી!

દુઃખનું કોઈ માપ – પ્રમાણ જો હો!
વરસે તે પે'લાં, જાણ જો હો!

દેવાળિયાને પૂછ્યું, 'સુખ શું છે?' કે' છે...
'ક્યાંક વત્તું-ઓછું ધિરાણ જો હો!'

છેલ્લે બોલ્યો, 'મારી છોડીના સમ!'
છો ને સમ ખાવા, ગીતા, કુરાન જો હો!

છલની થાશે છાતી, થાવા દ્યો! એના
હોઠ ધનુષ ને સ્મિત... બાણ જો હો!

'જામી મહેફિલ' એને કે'વાય વહાલા,
આગળની સીટોમાં... પ્રાણ જો હો!

સુંવાળા સંબંધોની વાત કરું તો...
સૂરજ પર ઝાકળની, ભાત કરું તો!

થૈ બાળક, ઘરનાં બાળુડાં જોડે,
રાતે, લાતમલાત કરું તો!

ખોટાને તરત, કહું હું ખોટો!
ખુદને કે'વાની શરૂઆત કરું તો...

દુનિયા સાથેનું છોડીને ચૅટિંગ,
ઘરના સાથે... સંવાદ કરું તો!

છાતી છપ્પનની, હૃદય શુન શુન!
હું મારી એવી, ઔકાત કરું તો...

હિન્દુ, મુસ્લિમ, ઈસાઈ છોડી ને,
'હિન્દુસ્તાની' મારી જાત કરું તો...!

નામ અમારું કેમ, જીભે એની ચડ્યું હશે?
નાના માણસનું, કોઈ કામ પડ્યું હશે?

લ્યો, ચડ્યું છે જંગે, ખુદની સાથે બાળક!
શાયદ ઘરનું કોઈ, અમથું વઢ્યું હશે?

લેખ વિધાતાના, 'મા કાર્ડ' જેવાં હોય?
પાનું મારું, કોઈ ટ્રેઇનીએ લખ્યું હશે?

હજી પણ ધુમાડો ને બળવાની છે વાસ!
વરસો પે'લાં, હૈયું, કેવું તે બળ્યું હશે?

દખણાદા પવનો, શાને આજે વાય છે?
જાનારું અધવચ્ચેથી, પાછું વળ્યું હશે?

બાકી દાદાને આવા, ખુશખુશાલ નથી જોયા!
શું માર્કેટમાં, જૂનું, ને જાણીતું મળ્યું હશે?

ગઝલો છાંટીને, ઉડાડ્યા કાગળ!
બાંધ્યા આકાશે, આષાઢી વાદળ!

ભેગું કરવું છે? તો શીખો છોડવાનું!
આવી વાઇડી વાત, કરું કોની આગળ?

પડછાયો જોઈને, નામ દઈ દેતાં!
આડા દરવાજાની, કોણ ઊભું પાછળ!

છે ખબર, સવારે સૌ જાશે ઊડી!
ફૂલોની આંખોનાં, સપનાં છે ઝાકળ!

eye-liner વાપરવી, વીજળીએ શાને?
આંજ્યાં છે એણે, વાદળનાં કાજળ!

ખૂલ્યા દરવાજા, દશેય દિશાના!
તોડી કાઢી જ્યાં, અહમ્‌ની સાંકળ!

મારે જ મને સમજાવાનું!
આ રીતે બસ, સુખી થાવાનું!

પાલવ અડવાની એ ઘટનામાં
ખોટું ચગાવ્યું નામ હવાનું!

મલક્યાં એ, ને વેરાણું કંકુ,
પાનું થયું મારું... શ્રી ૧નું!

મુઠ્ઠીમાં લાગે, છે આકાશ!
ચડો... તો ખાસ્સું છે ચડવાનું!

'પાકીએ' ને ન્યાય થઈ જાતો!
આ મોટા લાવ્યા, કોરટ જવાનું!

કોરોનામાં વરસ ગયાં, ઘાલ-ખાધ ખાતે!
માલિક ગોઠવજે, મજરે આપવાનું!

શું ઝીંકે રાખો છો તલવાર?
મ્યાનમાંથી, બહારે તો કાઢો!

ઘંટ, નગારાં ગજવો છો શાને?
જાગે છે એને, શું કામ જગાડો?

ભાર ખમીને નમ્યું છે નીચું,
માથું ક્યારેક તો ઉપાડો!

લોહી રેડાયું ત્યાં થોરિયા ઊગ્યા!
સીંચીને સ્નેહ, તુલસી ઉગાડો!

ઈમાન ઉપર કોઈ આંગળી ચીંધે...
ગાલે એના, બે... વળગાડો!

માણસ નહીં, જાણો જગદીશને!
સાંબેલું છોડો, મુરલી વગાડો!

ફાટે ત્યાંથી સીવું છું!
પણ ખોંખારીને જીવું છું!

શૂન્ય, હું સંતાડી રાખું!
એકડાથી બસ બીવું છું!

ગામ કહે 'ગંજેરી છે!'
હું સત ઘોળીને પીવું છું!

મંદિરે છે ઝાકઝમાળ!
હું ગર્ભગૃહનું દીવું છું!

માલિક, અદ્દલ મારા માપની,
તકલીફો કેમની સીવું છું?

તનનાં હો સરનામાં,
મનનાં શાં સરનામાં?

માન્યા જેને 'ઘરના', એનાં...
ઘરનાં શાં સરનામાં?

દેખી ફૂલ, ભગાડે ફોરમ,
પવનનાં શાં સરનામાં?

ઢાળ જુએ ને બદલે વ્હેણ!
સાજણનાં શાં સરનામાં?

સ્મશાનેથી... જાશું ક્યાં?
જનમનાં શાં સરનામાં?

હું ને એ, મળ્યા ચાની લારીએ!
હરિનાં શાં સરનામાં?

બંને આંખે, મારી તાળાં,
ભાળું તુજને, છેલછોગાળા!

જોડિયું તેથી, જામી જાતી!
નો’તા કોઈ લોહીઉકાળા!

ભક્તિ પછી, કરવાની શાને?
પરભુ પણ જો, રાખે ગાળા!

શાયર માગે, તાળી સૌની,
જાણે ઉઘરાવે ફંડ-ફાળા!

જે થોડામાંથી દે થોડું,
માનું એને મરદમુછાળા!

ઉપાડી લે જે સીધેસીધો!
કરતો ના કોઈ, ચેનચાળા!